Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh

Conducted

MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

**૧૧ ઓગસ્ટ ૨૦૧૯ - ઉત્તર પેપર - ગુણ - ૧૦૦**

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૯

**પ્રશ્ન ૧. સામાયિક, પ્રતિક્રમણ, કર્મગ્રંથ ૨ ના આધારે જવાબ લખો.** (૨૦)

**(અ)**

૧. **નીચેના શબ્દોમાં કેટલા કરણ – કેટલા યોગનો સમાવેશ થાય ? દરેકની કોટિ કેટલી ? તે શબ્દો ક્યાં આવે છે – તે લખો.** (૬)

(૧) એગવિહં - એગવિહેણંકરણ એક યોગ એક કોટિ– એક ચોથા વ્રતમાં આવે છે.

(૨) એગવિહં – તિવિહેણં – કરણ એક, યોગ ત્રણ = ત્રણ કોટિ પાંચમાં, સાતમાં, દશમાં, વ્રતમાં આવે છે.

(૩) તિવિહં – તિવિહેણં – ત્રણ કરણ, ત્રણ યોગ – નવ કોટિ સંથારાના પાઠમાં આવે છે.

૨. ઠાણં - સંપતાણં - શબ્દ સિદ્ધ ભગવાન માટે વપરાય છે. તેઓ પોતાના સ્થાને પહોંચી ગયા છે. ઠાણં સંપાવિઉ કામાણં - શબ્દ અરિહંત ભગવાન માટે વપરાય છે. તેઓ પોતાના સ્થાને (મોક્ષે) પહોંચવાના ઇચ્છુક છે.

૩. કાલ પ્રતિલેખનાં નો પાઠ સ્વાધ્યાય અને પ્રતિલેખનના દોષોથી નિવૃત થવાનો પાઠ છે તે ત્રીજા શ્રમણ સૂત્રનું નામ છે.

**(બ) કર્મગ્રંથ**

**કારણ આપો :-**

**અ. તીર્થંકર નામ કર્મ ચોથા ગુણ સ્થાનકે બંધાવાનું શરૂ થાય છે, કારણ આ નામ કર્મ બંધનું કારણ સમ્યકૃત્વ છે, તે ૪થા ગુણ પ્રાપ્ત થાય છે.**

**બ. આહારક શરીર બંધનું કારણ અપ્રમત્ત સંયમ છે, માટે સાતમાં અપ્રમત ગુણસ્થાનકે બંધાવાનું શરૂ થાય છે.**

| | છસંઘયણ બંધ | બંધ વિચ્છેદ |
|---|---|---|
| ૧ | વજ્રઋષભ નારાચ સંઘયણ ૧,૨,૩,૪ ગુણ | ૪થા ગુણ છેડે |
| ૨ | મધ્યના ૪ સંઘયણ ૧-૨ ગુણ | ૨જા ગુણ છેડે |
| ૩ | છેવટું સંઘયણ ૧લું ગુણ | ૧લા ગુણ છેડે |

૩.

| | |
|---|---|
| વેદ ૧) પુરુષવેદ<br>ગુ. ૧ થી ૯ માના ૧લા ભાગ સુધી | ૯મા ગુણ ના પહેલા ભાગને છેડે |
| ૨) સ્ત્રી વેદ ૧, ૨ ગુણ સુધી | ૨જા ગુણ છેડે |
| ૩) નપુંસક વેદ ૧લા ગુણ સુધી | ૧લા ગુન છેડે |

**પ્રશ્ન ૨. આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો.** **(૫)**

૧. કર્મ સમારંભ ક્રિયા જાણવા યોગ્ય છે –

૧) મેં પાપ કર્મ કર્યું.

૨) મેં કરાવ્યું

૩) કરતાં ને રડું કરી જાણ્યું - આ કરવું, કરાવવું, અનુમોદવું - એ ત્રણને મન, વચન, કાયાથી ગુણતાં તેમ જ ત્રણે કાળથી ગુણતાં ૩ x ૩ x ૩ = ૨૯ ભંગ - ૨૭ ક્રિયા થાય છે.

૨. લોકની સંધિ એટલે ધર્મ અનુષ્ઠાનના અપૂર્વ અવસરને જાણી સાધક પ્રમાદ ન કરે.

**૩. સૂત્ર સમજાવો**

(૧) અમુનિ સદા સૂતેલા છે, મુનિ સદા જાગૃત રહે છે

(૨) જે આશ્રવ કર્મ બંધનું સ્થાન છે, તે જ કર્મ નિર્જરાનું સ્થાન છે, જે કર્મ નિર્જરાનું સ્થાન છે. તે જ કર્મબંધનું સ્થાન છે.

(૩) આ શરીર જેવું અંદર છે, તેવું જ બહાર છે અને જેવું બહાર છે, તેવું અંદર છે.

**પ્રશ્ન ૩. ઠાણાંત્ર સૂત્રને આધારે જવાબ લખો.** **(૧૦)**

૧. પહેલી અંતક્રિયા ભરત ચક્રવતીએ, બીજી અંતક્રિયા ગજસુકુમાલ મુનિ ત્રીજી અંતક્રિયા સનત્કુમાર ચક્રવીએ, ચોથી મરુદેવી માતાએ કરી.

૨. ધર્મનાથ સ્વામીના શિષ્યોને ચાર મહાવ્રત હોય.

(૧) સર્વ પ્રકારના પ્રાણાતિપાત થી

(૨) સર્વ પ્રકારના મૃષાવાદથી

(૩) સર્વ પ્રકારના અદતાદાનથી અને

(૪) સર્વ પ્રકારના પરિગ્રહથી નિવૃત થવું.

૩. દેવ સન્નિપાતનાં ચાર કારણ –

(૧) તીર્થંકરનો જન્મ થવાથી

( ૨) તીર્થંકર ભગવાનની દીક્ષા સમયે

(૩) તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે દેવો દ્વારા કરેલા કેવળ મહોત્સવ સમયે

(૪) તીર્થંકર ભગવાનના નિર્વાણ સમયે

૪. ૪ ધર્મકથા (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) સંવેગની (૪) નિર્વેદની કથા કોઇ એક - અક્ષેપણી કથા એટલે શ્રોતાને મોહથી તત્વ તરફ આકર્ષવાની કથા.

૫. ૧ લાખ યોજનના ચાર સમાન સ્થાનઃ (૧) સાતમી નરકનો અપ્રતિષ્ઠાન નામે નરકાવાસ (૨) જંબૂદ્વીપ (૩) સૌધર્મેન્દ્રનું જવા આવવા માટેનું પાલક વિમાન (૪) સર્વાર્થ સિદ્ધ વિમાન

**પ્રશ્ન ૪. જ્ઞાતા ધર્મકથા સૂત્રનાઆધારે જવાબ લખો. (કોઈપણ પાંચ)** **(૧૦)**

૧. વીત શોકા નગરી જંબુદ્વીપના મહાવિદહે ક્ષેત્રની સલીલાવતી વિજયમાં આવેલ હતી. તેમાં ઇન્દ્રકુંભ નામનું ઉદ્યાન હતું. બલરાજાના પુત્રનું નામ મહાબલ અને પૌત્રનું નામ બલભદ્રકુમાર હતું.

૨. મલ્લીકુમારી પાસેથી પૂર્વભવનો વૃતાંત સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થતાં મલ્લીકુમારીના ઉપદેશથી છ એ રાજાએ દીક્ષા લીધી.

૩ જયારે પિશાચ અર્હન્નકને નિર્ગ્રંથ પ્રવચનથી ચલિત ન કરી શક્યો. ત્યારે તે થાકી ગયો, ત્યારે અધ્ધર વહાણને જલ સપાટી પર મૂકયું. મૂળ દેવ સ્વરૂપે આવી અર્હન્નકની ક્ષમાયાચના કરી, ધન્યવાદ આપી. કુંડળોની બે જોડી ભેટ આપી.

૪. માલ ચાર પ્રકારનો :-

(૧) ગણિમ – ગણીને ક્રય – વિક્રય કરણ યોગ્ય

(૨) ધરિમ – તોળીને જોખીને ક્રય-વિક્રય કરાય

(૩) પેય : પળી આદિથી માપીને કરવા યોગ્ય પેય વસ્તુ

(૪) પરિચ્છેદ - વસ્ત્ર વગેરેની ગુણ પરીક્ષા કરવી ક્રય-વિક્રય કરવા યોગ્ય વસ્તુઓ

૫. સાધક પણ જો સૂક્ષ્મ-ધર્મવિષયક માયા કરે તો તે માયા અનર્થનું કારણ બને છે. મલ્લીકુમારી પૂર્વના મહાબલના ભવમાં તીર્થંકર નામકર્મનો બંધ કરવા છતાં તપના વિષયમાં માયા કરી તો સ્ત્રીત્વનું કારણ બની ગઇ. માટે અમને એ બોધ મળે છે કે ક્યારે પણ માયા કરવી નહી.

૬. વેદની જાણકાર ચોક્ષા પરિવ્રાજિકાએ દાનધર્મ, શોચધર્મ અને તીર્થસ્થાનનો સ્નાન કરી પવિત્ર થવાનો ઉપદેશ આપ્યો તેનું પાલન કરવાથી નિર્વિદને સ્વર્ગે જવાય ત્યારે મલ્લીકુમારી એ પુછયું લોહીથી ખરડાયેલ વસ્ત્રને લોહીથી શુધ્ધ કરાય ? ન કરાય તેવી રીતે ૧૮ પાપના સેવનથી મલિન આત્મા શુદ્ધ ન થાય.

**અથવા**

**નિરયાવલિકા સૂત્રને આધારે જવાબ લખો. (કોઇપણ પાંચ)** **(૧૦)**

૧. માતા પાસેથી સાચી વાત સાંભળી શ્રેણિક જયારે પિતાના બંધનને છોડવા કુહાડી લઇને આવતો હતા, તે જોઇ શ્રેણિક ને થયુ આ પાપીં શ્રેણિક ન જાણે મને ક્યા મોતથી મરશે ? એટલે તેણે તાલપુર વિષ પોતાના મુખ માં મૂકી દીધુ. તેની તીવ્ર અસરથી તરત જ નિષ્પ્રાણ, નિષ્ચેષ્ટ થઇ જમીન પર પડી ગયા.

૨. દૂત દ્વારા શ્રેણિક પ્રથમવાર આ પ્રમાણે સંદેશ મોકલ્યો કે વિહલ્લકુમાર શ્રેણિક રાજાને જણાવ્યા વગર જ સેચનક ગંધ હસ્તી અને ૧૮ સેરનો હાર લઇ આપની પાસે આવ્યો છે. તો કોણિક રાજા પર અનુગ્રહ કરી તે બન્ને વસ્તુ સાથે વિહલ્લકુમારને મોકલી દે.

૩. કાલકુમાર રથમૂસલ સંગ્રામ જેવા મહા આરંભમાં લડતા, અશુભ કર્મોને કારણે કાળના સમયે મૃત્યુ પામી ચોથી પંકપ્રભા પૃથ્વીના હેમાભ નામે નરકાવાસમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયા.

૪. રાજા શ્રેણિકે રાણી ચેલણાના ગર્ભાવસ્થાના દોહદની વાત જાણી, રાણીને આશ્વાસન આપ્યુ, પણ પોતે કાંઇ ઉપાય શોધી ન શકયા, તેથી તેઓ ચિંતાગ્રસ્ત થઇ ગયા ત્યારે પુત્ર અભયકુમારને પોતાની ચિંતાની વાત કહી કારણ કે તે બુધ્ધિશાળી , શામ –દામ-દંડ ભેદ નીતિ માં કુશળ હતો.

૫. કોણિકના પક્ષે અન્ય ૧૦ રાજાએ + પોતે = કુલ ૧૧ રાજા હતા અને કુલ ૩૩ કરોડ સૈનિકોનું પાયદળ હતું.

૬. (અ) મહાવીર સ્વામી – રાણી કાલીને કહે છે.

(બ) સુધર્મા સ્વામી – જંબૂસ્વામીને કહે છે.

**પ્રશ્ન ૫. ઉપાસદ દશાંગ સૂત્ર અને અંતકૃત દશાંગ સૂત્રને આધારે જવાબ લખો.** **(૨૦)**

**(અ)** **(૧૦)**

૧. દેવે પૌષધશાળામાં પૌષધ વ્રત કરીને ધર્મ ધ્યાનમાં સ્થિર એવા ચૂલણી પિતાને વ્રત ભંગ કરાવવા, તેમને મોટા પુત્રને વચલા પુત્રને અને નાના એમ ત્રણે પુત્રોને તથા ચોથીવાર માતાને મારી નાખવાની ધમકી આપી અને સાથે કહ્યું કે તેમના માંસના ટૂકડા તળીને તે ગરમ રક્ત માંસ તેના પર છાંટવાથી તેનું પણ આર્તધ્યાનથી મૃત્યુ થશે. ત્રણ પુત્રને તો આ રીતે માર્યા છેલ્લે અડગ ચૂલણી પિતાને માતાને મારવાની ધમકી આપી.

૨. માએ કહ્યું, આવું કાંઈ ન હતું, આ તો માત્ર ઉપસર્ગ હતો એટલે જ તમે આભયંકર દશ્યો જોયા છે તમારા વ્રતનિયમ અને પૌષધ ખંડિત થયા છે, એટલે તેની આલોચના કરો અણે તપરૂપી પ્રાયશ્ચિત સ્વીકારો.

૩. ચૂલણી પિતા અત્યારે સૌધર્મ દેવલોકમાં વતંસક નામના મહાવિમાનના ઇશાન કોણમાં રહેલ અરુણ પ્રભ વિમાનમાં દેવગતિનું ચાર પલ્પોપમનું આયુષ્ય ભોગવે છે તે સ્થિતિ પૂરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઇ સિદ્ધ- બુધ્ધ- મુક્ત થશે.

**(બ) પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. શ્રી કૃષ્ણે હરિણગમૈષી દેવની આરાધના અભયકુમારની જેમ કરી. તે દેવે ઉપસ્થિત થઇ પૂછ્યું ''તમે મારું સ્મરણ કેમ કર્યું તમારો શો મનોરથ છે ? શ્રી કૃષ્ણે કહ્યું'' મારો એક સહોદર નાનાભાઇનો જન્મ થાય એવી મારી ઇચ્છા છે.

૨. ભગવાન નેમિનાથના છ અણગારો બબ્બેના સંઘાડામાં દેવકીને ત્યાં ગોચરી માટે પધાર્યા. દેવકીએ અતિ હર્ષ સાથે મોહક ત્રણે વખત વહોરાવ્યા ત્રીજીવારના સંઘાડાને વહોરાવ્યા બાદ વિનયપૂર્વક પૂછ્યું, હે ભગવાન, કૃષ્ણની સ્વર્ગલોક જેવી દ્વારિકા નગરીમાં વિહરતા મુનિઓને આહાર-પાણી નથી મળતા કે એક જ ઘરે એક જ કુળમાં વારંવાર આવવું પડે છે ?

૩. ગજસુકુમાલ મુનિએ દીક્ષા લીધી તે જ દિવસે સંાજે ભગવાન અરિષ્ટનેમિની આજ્ઞા લઇ, મહાકાલ સ્મશાનમાં જઇ ભિક્ષુની ૧૨મી પડિમાનું આરાધના કરવા, કાયોત્સર્ગ માટે યોગ્ય ભૂમિની પ્રતિલેખના કરી, કાયાને નમાવી, ચાર આંગુલના અંતરથી બન્ને પગ સંકોચી એક પુદ્‌ગલ પર દૃષ્ટિ કરી ધ્યાનસ્થ ઉભા રહ્યા. પૂર્વભવના વેરથી સોમિલ બ્રાહ્મણે ધ્યાનસ્થ મુનિના શિરે માટીની પાળ બાંધી ચિતાના બળબળતા અંગારા મુક્યા. મુનિએ તે વેદના સમભાવે સહન કરતાં શુભ પરિણામ - શુભ અધ્યયસાયથી કેવળજ્ઞાન કેવળ દર્શન પ્રાપ્ત કર્યા અને સકળ કર્મનો ક્ષય કરી સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું.

૪. દેવકીને જ્યારે ખબર પડી કે છએ અણગાર- સહોદર ભાઇ છે, ત્યારે તેમને શંકા થઇ કે પોલાસપુર નગરમાં અતિમુક્ત મુનિએ મને કહ્યું હતું કે તું એક સરખી કાંતિવાળા, ઉત્તમ લક્ષણવાળા, નળ-કુબેર જેવા સુંદર આઠ પુત્રોની માતા બનીશ. તારા સિવાય અન્ય માતા એવી નહિ હોય! મુનિઓની વાણી અસત્ય ન હોઇ શકે પરંતુ અતિમુક્ત મુનિનું આ વચન મિથ્યા થયું છે.

૫. નેમનાથ ભગવાન પાસેથી છએ અણગાર પોતાના જ પુત્રો છે એવું જાણી દેવકી અત્યંત પ્રસન્ન થયાં પુત્ર પ્રેમના કારણે તેમના સ્તનમાંથી દૂધની ધારા વહેવા લાગી. આંખમાં હર્ષાશ્રુ આવ્યા અત્યંત હર્ષને કારણે શરીર ફૂલી ગયું તેથી કંચૂકીની દોરી તૂટી ગઇ, હાથની ચૂડીઓ તંગ થઇ ગઇ, શરીરના રોમ-રોમ પુલકિત થઇ ગયા.

ઉ.૬ (અ)

૧. અભિગમ ચઉરો સમાહિઓ સુવિસુધ્ધો સુસમાહિઅપ્પઓ।
વિઅુલહિયં સુહાવહં પુણો, કુવ્વઇ ય સો પયખે મમ પ્પણો।।

૨. સિયા હુ સીસેણ ગિરિં મિ ભિંદે, સિયા હુ સીહો કુવિઓ ણ ભકખે।
સિયા ણ ભિંદિજ્જ વ સત્તિઅગ્ગં, ણ વા મુકખો ગુરુહીલણાએ।।

૩. જે યાવિ મંદિત્તિ ગુરું વિઇતા, ડહરે ઇમે અપ્પ સુએ તિ ણચ્ચા।
હીલંતિ મિચ્છં પડિવજ્જમાણા, કરંતિ આસાયણ તે ગુરુણં ।।

(ચાલુ)

(બ)

૧. જે શિષ્ય આચાર્ય અને ઉપાધ્યાયોની સેવા સુશ્રૂષા કરે છે, તેમની આજ્ઞાઓનું પાલન કરે છે, તેનું શિક્ષણ પાણીથી સીંચેલા વૃક્ષની જેમ પ્રતિદિન વધે છે.

૨. ગુરુ બોલાવે ત્યારે વિનયી શિષ્ય બેઠાબેઠા ઉત્તર ન આપે પરંતુ તરત જ આસન પરથી ઊઠી જાય અને સાવધાનીથી ગુરુની, આજ્ઞા સાંભળે અને વિનયપૂર્વક જવાબ આપે.

૩. ક્યારેક અસાવધાની ગુરુ મહારાજના શરીર સાથે કે તેમનાં ધર્મો પરણ સાથે સ્પર્શ-સંઘટ્ટો થઇ જાય તો વિનયી શિષ્ય તરત કહે કે હે ભગવાન! મારો અપરાધ માફ કરો, હવે પછી ક્યારેય આવું કરીશ નહિ.

૪. કઠોર વચનને મહાભયાનક કહ્યા છે કારણ લોખંડના કાંટા, થોડો સમય દુઃખદાયી હોય, વૈધ દ્વારા તેને સરળતાથી કાઢી શકાય છે પણ કટુ વચન રૂપી બાણને કાઢવા અત્યંત દુષ્કર છે અર્થાત હૃદયમાં ચોંટી ગયા પછી કાઢવા દુઃસાધ્ય છે કારણ તે હૃદયને વીંધી નાખે છે, આ લોક અને પરલોકમાં તે વેરની પરંપરા વધારનાર છે, નરકાદિ નીચ ગતિમાં લઇ જનાર હોવાથી મહા ભયાનક છે.

૫. શ્રુત સમાધિથી (શાસ્ત્રોનું અધ્યયન) વ્યક્તિને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ચિત્તની એકાગ્રતા થાય છે, પોતે ધર્મમાં સ્થિર થાય છે અને બીજાને ધર્મમાં સ્થિર કરી શકે.

**પ્રશ્ન ૭. ભગવતી સૂત્રના આધારે જવાબ લખો.** **(૧૦)**

**અ) જોડકાં જોડો** **(૩)**

૧. અક્ષર શુદ્ધ ભણે – જ્ઞાનાચાર

૨. ઘરના કામ કરતાં જતના રાખે – દયાધર્મ

૩. શક્તિ ગોપાવ્યા વિના કામ કરે – વિર્યાચાર

૪. ઉણોદરી કરવી – તપાચાર

૫. પાંચ સમિતિ – ચારિત્રાચાર

૬. ધર્મથી પડતાંને સ્થિર કરે – દર્શનાચાર

બ) ૧. ત્રણ મનોરથ ચિંતવવા તે સુક્ખુ જાગરિકા છે, એ જાગરિકા શ્રાવકને હોય છે.

૨. છ માંથી પ્રથમ ચાર દ્રવ્યો શુધ્ધ સ્વભાવી છે.
(૧) ધર્મા સ્તિકાય (૨) અધર્મા સ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) કાળ

(બ) ખાલી જગ્યા પૂરો.

૧. સાત, ચાર, આઠે આઠ, સાત.
૨. અનુત્તર વિમાનના દેવને ચારિત્રાત્મા ન હોય.
૩. મિથ્યાત્વીને જ્ઞાન આત્મા. ચારિત્રાત્મા એ બે ન હોય.
૪. કષાય આત્મા વધુ ઉપયોગ આત્મા - દર્શન આત્મા - બન્ને પરસ્પર તુલ્ય એટલે કે સરખા હોય.

**પ્રશ્ન ૮. પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(અ)** **(૫)**

૧. ૧. યોનિ એટલે જીવોનું ઉત્પત્તિ સ્થાન અથવા ઉત્પત્તિ ક્ષેત્રમાં લીધેલો પ્રથમ આહાર.
૨. પહેલી ત્રણ નરકના ઉષ્ણ યોનિયા જીવોને શીતવેદના હોય.
૩. ચક્રવતીની સ્ત્રી રત્નને શંખાવર્ત યોનિ હોય.
૪. શલાકા પુરૂષની માતાને કચ્છા-કર્મોન્નત યોનિ હોય.
૫. સંવુડા-વિવુડા યોનિ કાંઇક ઢાંકેલી કાંઇક ઉઘાડી યોનિ.

**(બ)**

(૧) પાંચ સૂક્ષ્મ સ્થાવર જીવોના અપર્યાપ્તા અને પર્યાપ્તા જીવોના એ ૧૦ ભેદના.
(૨) અપર્યાપ્તા બાદર તેઉકાયનો – ઉપપાત બે ઊર્ધ્વકપાટ તથા તેના તિર્ચ્છા લોકમાં પર્યાપ્તા બાદર તેઉકાયનો ઉપપાત લોકના ઘણા અસંખ્યાતા ભાગમાં
(૩) સ્વસ્થાન એટલે શરીરસ્થ રહેવું તે જ્યારે ઉપપાત સમુદ્ઘાત આદિ અવસ્થા ન હોય તે
પાંચ સૂક્ષ્મ સ્થાવરના અપર્યાપ્તા પર્યાપ્તા એ ૧૦ ભેદમાં સ્વસ્થાન સંપૂર્ણ લોકમાં હોય.

**--- જય જિનેન્દ્ર ---**